# રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમર પ્રણેતાઓ

પ્રા. દિલીપભાઇ જે. વસાવા

## ૧. પ્રસ્તાવના

રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ઘડતરની વાત કરીએ તો શિક્ષણના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. શિક્ષણની નીતિ ક્રમ દરેક વ્યક્તિઓને પોતાના જીવન ઘડતર અને કૌશલ્ય વિકાસમાં તેમજ શિક્ષણ પ્રાપ્ત કરવામાં ઘણી રીતે મહત્ત્વ ધરાવે છે. તે ઘડતરમાં અનન્ય મહાપુરૂષોએ યોગદાન આપ્યું છે. તે સંદભમાં ચર્ચા નિમ્ન અનુસાર છે.

## ૨. ભારતીય રાષ્ટ્રીય શિક્ષણના પાંચ પ્રણેતાઓ

ઉપરોક્ત કામ મુશ્કેલ જ નહિ, પ્રચંડ પણ છે. પરંતુ અમુક પરિસ્થિતિઓ સાનુકૂળ છે. સાનુકૂળ માનસિક પરિસ્થિતિની મદદ આપણને જરૂર મળે એમ છે. એટલુંજ નહિ એ કામ હાથમાં લઇને પૂરું પાડવા સુધીની હિંમત થાય એવું પણ છે, કેમ કે ઘણા ધનિકો મદદ કરવા તૈયાર છે.

આપણે સૌ પ્રથમ આ હકીકતની નોંધ લેવી જોઇએ કે સ્વાતંત્ર્ય સંગ્રામ વેળાએ આધુનિક ભારતના મુખ્ય પાંચ મહાન નેતાઓને બ્રિટિશરોએ દાખલ કરેલી આ શૈક્ષણિક પદ્ધતિને પડકારી હતી. તેઓ શિક્ષણશાસ્ત્રીઓ પણ હતા. તેમણે પોતપોતાની શૈક્ષણિક ફિલસૂફી વિકસાવી. તેમાં તેમણે મુખ્યત્વે વિદ્યાર્થીઓને ભારતીય વારસાનો માત્ર પરિચય જ કરાવાનું તાક્યું નહિ, પરંતુ વિદ્યાર્થીઓને ભારતના મહાનતા માટે તૈયાર કરવાનું પણ તાક્યું હતું.

૧.પહેલી સિંહગર્જના કરનાર હતા મહર્ષિ દયાનંદ સરસ્વતી. તેમણે ભારતીયતાના મૂળ સ્ત્રોત સમા વેદ તરફ પાછા ફરવાનું કહીને ‘ગુરુકુળ’ની એની ળૈક્ષણિક પદ્ધતિ રજૂ કરી કે જેમાં ભારતની આધુનિક દષ્ટિએ સુધારણા તો થાય જ થાય પણ સાથોસાથ ભારતને પ્રગતિશીલ બનાવવાની વાત પણ આવે. તેમણે કેળવણીની આ ‘ગુરુકુળ’પ્રકારની શિક્ષણ પ્રેરી અને વિદ્યાર્થીઓના ચારિત્ર્ય-નિર્માણ માટેના અને કૌશલ્યો નિર્માણ કરવા માટેનું કાર્યમાં શિક્ષકના મહત્ત્વ વિષે જોરદાર રજૂઆત કરી.

૨.બીજો મહાન પ્રયત્ન કર્યો સ્વામી વિવેકાનંદે. તેમણે માનવ બનવાના શિક્ષણની વાત કરી. તેમણે વેદાંતના જ્ઞાનને શિક્ષણનો પાયો બનાવવા પર જોર આપ્યું. તેમણે વિશ્વના એકએક ધર્મમાં રહેલા સત્યનો સ્વીકાર કરવાની અને યોગમાર્ગનો સમન્વય સાધવાની રજૂઆત કરી. તેમણે યુવાનો સમક્ષ ભાવિ ભારતની ઝાંખી કરાવતાં દરવાજાઓ ખોલી નાખ્યા અને તેમનામાં પ્રેરણા, સાહસ અને ગતિશીલ કર્મયોગની ભાવના જગાવી.

૩.તો ગાંધીજીએ કેળવણીના પ્રયોગમાં જુદી જ દિશા પકડી. તેમણે ત્રણ ‘H’ ની તાલીમ પર ભાર મૂક્યો. તેમણે સત્ય, અહિંસા, સ્વ-શાસન પરિગ્રહ, ત્યાગ ભાવના, સર્વ ધર્મ સમભાવ અને સાદા શ્રમિક જીવનનો આદર્શ સ્વીકારવા કહ્યું. એવું સાદુ જીવન

સર્જવાની વાત કરી કે જેમાં ગ્રામીણ, સામાજિક અને રાજનૈતિક સંસ્થાઓને સમાનતાના પાયા ઉપર જ ઊભા રહી વિકાસ કરવાની પરિસ્થિતિ મળે. નબળા, દબાયેલા, કચડાયેલા વર્ગો સશક્ત બને અને તેમને સત્તા પ્રદાન થાય. ગાંધીજીએ વિકેન્દ્રીકરણ અને સર્વે પ્રજાજનોમાં ભાઇચારો ફેલાય તેના ઉપર ભાર મૂક્યો.

૪.તો આધુનિક ભારતના શિરોમાન્ય કવિ ગુરૂદેવ રવીન્દ્રનાથ ટાગોરે તો ‘શાંતિનિકેતન’ નામે પ્રાયોગિક સંસ્થા ઊભી પણ કરી દીધી. તેમાં કેળવણીની નવી તરાહ અને નવાં જ ધ્યેયો લાગું પાડયાં. આ ‘શાંતિનિકેતનમાં’ પ્રાકૃતિક સૌંદર્ય અને ભવ્ય ઉદાત્તતાને તેમણે અધ્યયન-અધ્યાપનના એક જીવંત સાથીદારો જ ગણ્યાં હતાં. ત્યાં કાવ્ય, સંગીત, નૃત્ય, કલા જીવનના ઘડતર કલાત્મક રીતે જ થાય. ત્યાં એશિયા અને વિશ્વની સંસ્કૃતિઓનો એવો સમન્વય તાકવામાં આવ્યો હતો કે જેથી વિદ્યાર્થીઓમાં આંતરરાષ્ટ્રીયતા, વિશ્વ નાગરિકતા અને વૈશ્વિક બંધુતા વિકસે. અને માનવના જે જાતિગત અને ધર્મ પ્રમાણે ભાગલા પાડવામાં આવે છે તે બંધ થાય અને માનવનો ધર્મ વિકસી આવે.

એ વખતે જ ‘વન્દે માતરમ્’ નો રાષ્ટ્રીય આવાહન-આદેશ ઊભરી આવ્યો. અને તેને લીધે શિક્ષણની રાષ્ટ્રીય પદ્ધતિની ચળવળે જન્મ લીધો. તેનું ધ્યેય હતું પ્રાચીન ભારતીય આર્ય ભાવનાને પુનર્જીવિત કરવી તે. તેમાં માત્ર પરિગ્રહ, ત્યાગ ભાવના, સર્વધર્મ સમભાવ અને સાદા શ્રમિક જીવનનો આદર્શ સ્વીકારવા કહ્યું.

એવું સાદુ જીવન સર્જવાની વાત કરી કે જેમાં ગ્રામીણ, સામાજિક અને રાજનૈતિક સંસ્થાઓને સમાનતાના પાયા ઉપર જ ઊભા રહી વિકાસ કરવાની પરિસ્થિતિ મળે. નબળા, દબાયેલા, કચડાયેલા વર્ગો સશક્ત બને અને તેમને સત્તા પ્રદાન થાય. ગાંધીજીએ વિકેન્દ્રીકરણ અને સર્વે પ્રજાજનફોમાં ભાઇચારો ફેલાય તેના ઉપર ભાર મૂક્યો.

**સંદર્ભ**

૧. જોષી, કિરીટ (૨૦૧૭). બાળક શિક્ષણ અને શિક્ષક તાલીમ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - અમદાવાદ-૬
૨. મલ્હોત્રા, અને લાલ (૨૦૦૮). ઉદીયમાન ભારતીય સમાજમાં શિક્ષણ : આર લાલ બુક ડિપો, મેરઠ